કલ્યાણ સારી જનતાતણું હો, પાળો પૃથ્વી ન્યાયથી રાજ્યકર્તા. સૌ જીવોનું શુભ નિત્ય વર્તો, સુખી સદા લોક સમસ્ત થાઓ !

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૬૨ | ૧૩ મે, ૨૦૨૧, ગુરૂવાર; વૈશાખ સુદ - ૨ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# ભારતમાં હજુ ઘાતક વેરિયન્ટની શક્યતા : WHO

**ડબલ્યુએચઓના નિષ્ણાતોની ટીમ દ્વારા ચેતવણી અપાઈ : સંક્રમણને રોકવા માટે યુદ્ધ સ્તર પર કાર્ય કરવાની જરૂરીયાત, બી.૧.૧૬૭ની શરૂઆત ભારતમાં થઈ અને તે બીજા વેરિએન્ટથી વધુ ઝડપથી ફેલાય છે**

નવી દિલ્હી, તા. ૧૨

છેલ્લા દોઢ વર્ષ કરતા વધારે સમયથી વિશ્વ આખામાં કોરોના મહામારી હાહાકારા મચાવી રહી છે. સતત દુનિયાના કોઈકના કોઈક દેશમાં આ વાયરસનો કહેર યથાવત રહ્યો છે. આ સિવાય આ વાયરસ સતત પોતાના સ્વરુપો પણ બદલી રહ્યો છે. જેના કારણે સતત તેના પર સંશોધન કરી રહ્યા છે. સૌથી પહેલા કોરોવના વાયરસનો બ્રિટેન વેરિએન્ટ સામે આવ્યો. ત્યારબાદ બ્રાઝીલ અને દ.આફ્રિકાના નવા વેરિએન્ટે દુનિયાના ઘણા દેશોમાં હાહાકાર મચાવ્યો હતો.

તેવામાં હાલમાં દુનિયાની સામે ભારતીય વેરિએન્ટ અત્યંત ખરનાક બન્યો છે. હવે ભારના કોરોના વેરિએન્ટના બી.૧.૧૬૭ને પણ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને સૌથી ઘાતક ગણાવ્યો છે. સાથે ચેતવણી આપી છે કે આવનારા દિવસોમાં ભારતમાં કોરોનાના નવા વેરિએન્ટ પણ આવી શકે છે.

ડબલ્યુએચઓની એક નિષ્ણાંતોની ટીમ છેલ્લા ઘણા સમયથી કોરોના વાયરસના અલગ-અલગ વેરિએન્ટન પર સંશોધન કરી રહી છે. આ બધા વચ્ચે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન સાથે જોડાયેલા વૈજ્ઞાનિકોની ટીમ ભારતીય વેરિએન્ટ પર રસીની અસરને લઈને પણ ચર્ચા કરી રહી છે. તેમણે એ પણ ચેતવણી આપી છે કે આવનારા દિવસોમાં વિશ્વભરમાં નવા વેરિએન્ટ સામે આવી શકે છે. જેમાંથી કેટલાક વેરિએન્ટ અત્યંત ઘાતક હોઈ શકે છે. જેનાથી સંક્રમણને રોકવા માટે યુદ્ધ સ્તર પર કાર્ય કરવાની ખાસ જરૂરીયાત છે.

ડબલ્યુએચઓના જણાવ્યા મુજબ ભારતીય કોરોના વાયરસનો વેરિએન્ટ અત્યંત ઝડપથી ફેલાઈ રહ્યો છે.

ડબલ્યુએચઓ સાથે જોડાયેલા વૈજ્ઞાનિક ડોક્ટર મારિયાવાન કર્ક હોવેએ જીનીવામાં જણાવ્યું કે બી.૧.૧૬૭ વેરિએન્ટની શરૂઆત ભારતમાં થઈ છે, અને તેના સંક્રમણની રફતાર જોતા તે બીજા વેરિએન્ટથી વધુ ઝડપી રીતે ફેલાય છે, જેમાં

# બીજા દિવસે દૈનિક કેસમાં રાહત

**દેશભરમાં નવા ૩.૪૮ લાખ પોઝિટિવ કેસ નોંધાયા, ૩.૫૫ લાખ સ્વસ્થ થયા, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી રેકોર્ડબ્રેક ૪૨૦૫ લોકોના મોત : કુલ મૃત્યુઆંક ૨,૫૪,૧૯૭એ પહોંચ્યો : અત્યાર સુધી દેશમાં ૧૭,૫૨,૩૫,૯૯૯ લોકોને વેક્સિન આપી સુરક્ષિત કરી દેવાયા**



ન્યુ દિલ્હી,તા.૧૨

ભારતમાં કોરોના વાયરસની બીજી લહેર કહેર મચાવી રહી છે. દેશભરમાંથી જે મોતના આંકડા આવી રહ્યા છે તે ખરેખર ડરામણા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી કોરોનાના નવા ૩.૪૮ લાખથી વધુ દર્દીઓ નોંધાયા છે. આ સાથે મૃત્યુઆંકમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે. એક દિવસમાં ૪૨૦૦થી વધુ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી કોરોનાના નવા ૩,૪૮,૪૨૧ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૨,૩૩,૪૦,૯૩૮ પર પહોંચી ગયો છે. જેમાંથી ૧,૯૩,૮૨,૬૪૨ દર્દીઓ રિકવર થયા છે. જેમાંથી ૩,૫૫,૩૩૮ દર્દીઓ છેલ્લા ૨૪ કલાકમાં રિકવર થયા છે. જો કે હજુ પણ દેશમાં ૩૭,૦૪,૦૯૯ એક્ટિવ કેસ છે. એક દિવસમાં ૪૨૦૫ દર્દીઓએ કોરોનાથી જીવ ગુમાવ્યો છે. આ સાથે કુલ મૃત્યુનો આંકડો ૨,૫૪,૧૯૭ પર પહોંચી ગયો છે. રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૧૭,૫૨,૩૫,૯૯૧ લોકોને રસી આપવામાં આવી છે.

# ૨થી ૧૮ વર્ષના બાળકો પર કોવેક્સિનની ટ્રાયલને મંજૂરી

**દિલ્હી એઈમ્સ, પટના એઈમ્સ, નાગપુરની મિમ્સ હોસ્પિટલમાં યોજાનારી આ ક્લીનિકલ ટ્રાયલમાં ૫૨૫ લોકોને સામેલ કરાશે**

ન્યુ દિલ્હી,તા.૧૨

ભારત અત્યારે કોરોના વાયરસની બીજી લહેરનો સામનો કરી રહ્યું છે. આ સાથે જ વેક્સિનેશનનું કામ પણ ઝડપી કરવામાં આવી રહ્યું છે. નિષ્ણાતોએ અનુમાન લગાવ્યું છે કે જો કોરોનાની ત્રીજી લહેર આવે છે તો તેમાં બાળકો પર ઘણો જ પ્રભાવ પડી શકે છે. આ ક્રમમાં હવે એક મોટું પગલું ઊઠાવવામાં આવ્યું છે. આ ક્લિનિકલ ટ્રાયલ ૫૨૫ લોકો પર કરવામાં આવશે. આ દિલ્હી એમ્સ, પટના એમ્સ, નાગપુરના એમ્સની હૉસ્પિટલોમાં થશે.





કમિટીની ભલામણો પ્રમાણે, ભારત બાયોટેકે ફેઝ-૩નો ટ્રાયલ શરૂ કરવાથી કોરોના વેક્સિનથી જોડાયેલી એક્સપર્ટ કમિટી (જીઈઝ)એ મંગળવારના ભારત બાયોટેકની કોવેક્સિનનો ૨થી ૧૮ વર્ષના બાળકો પર ટ્રાયલ કરવાની ભલામણ કરી છે, જેની મંજૂરી મળી ગઈ છે.પહેલા ફેઝ-૨નો સંપૂર્ણ ડેટા ઉપલબ્ધ કરાવવાનો રહેશે. જીઈઝએ ભલામણ કરી હતી કે ભારત બાયોટેકની કોવેક્સિનનો ફેઝ-૨, ફેઝ-૩ના ક્લિનિકલ ટ્રાયલને મંજૂરી આપવી જોઈએ, જે ૨થી ૧૮ વર્ષના બાળકો પર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ભારતમાં અત્યારે જે ૨ વેક્સિનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, તે ૧૮ વર્ષથી વધારે ઉંમરના લોકોને જ રસી આપવામાં આવી રહી છે.

ભારતમાં સીરમ ઈન્સ્ટિટ્યુટની કોવિશીલ્ડ, ભારત બાયોટેકની કોવેક્સિન લોકોને લગાવવામાં આવી રહી છે. ભારતમાં કોરોનાની બીજી લહેરે તબાહી મચાવી દીધી છે. આ દરમિયાન નિષ્ણાતોએ ત્રીજી લહેરની ચેતવણી આપી હતી. ભારત સરકારના જ ચીફ વૈજ્ઞાનિક સલાહકારે કહ્યું હતુ કે, ત્રીજી લહેરનું આવવું નિશ્ચિત છે અને આમાં બાળકો પર અસર થઈ શકે છે.

# કેરળ, કર્ણાટક, તમિલનાડુ અને મહારાષ્ટ્રમાં વરસાદની શક્યતા

**ચાલુ સપ્તાહે વર્ષનું પહેલું વાવાઝોડું ત્રાટકશે : ૧૬ મેના રોજ આવનાર ચક્રવર્તી તોફાનની અસર, આ વાવાઝોડું ૨૦મેએ ગુજરાતના કચ્છમાંથી પસાર થઈ શકે**

નવી દિલ્હી, તા. ૧૨

આ સપ્તાહમાં ૨૦૨૧ના વર્ષનું પહેલુ વાવાઝોડું ત્રાટકવા જઈ રહ્યું છે. જોકે, આ વાવાઝોડું ગુજરાતમાં જ ત્રાટકવાનું છે. ૧૪ મેના રોજ સવારે દક્ષિણ-પૂર્વ અરબ સાગરની ઉપર દબાણનું ક્ષેત્ર બનવાની શક્યતા છે. તે પૂર્વ મધ્ય અરબ સાગરાં ૧૬ મેના રોજ એક ચક્રવાતી તોફાનના રૂપમાં તેજ બની શકે છે અને તે ઉત્તર પશ્ચિમની તરફથી વધી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે, ૧૬ મેના રોજ આવનાર ચક્રવર્તી તોફાનને કારણે ૧૪ થી ૧૬ મેની વચ્ચે કેરળ, કર્ણાટક, તમિલનાડુ અને મહારાષ્ટ્ર સહિત અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. આ વાવાઝોડું આ વર્ષનું પહેલું ચક્રવાત હશે. જ્યારે આ વાવાઝોડું તોફાનમાં તબલીદ થઈ જશે, જેની તાકાત વધ્યા બાદ તે વાવાઝોડું તૌકતે બની જશે. આ વખતે મ્યાનમાર દેશે તેને આ નામ આપ્યું છે. શક્યતા છે કે, આ વર્ષનું પહેલુ વાવાઝોડું ૨૦ મેના રોજ ગુજરાતના કચ્છ વિસ્તારમાંથી પસાર થઈ શકે છે.

ભારતીય મોસમ વિભાગના અનુસાર, આ વખતના વાવાઝોડાના અલગ અલગ મોડલ છે. કેટલાક મોડલ બતાવે છે કે, આ વાવાઝોડું ઓમાનના કિનારા પરથી પસાર થઈ શકે છે, તો કેટલાક મોડલ દક્ષિણ પાકિસ્તાન તરફ ઈશારા કરે છે. જેનો મતલબ એ હશે કે, આ વાવાઝોડું ગુજરાતના કેટલાક ભાગોને પ્રભાવિત કરશે.

ગુજરાતમાં ૧૯-૨૦ મેના રોજ 'તૌકતે' વાવાઝોડું સૌરાષ્ટ્ર-કચ્છમાં ત્રાટકવાની સંભાવના છે અને ૩૫-૪૦ કિમીની સુધીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. ૧૯ મેના રોજ સૌરાષ્ટ્રના દરિયાકાંઠા પર વાવાઝોડું ફૂંકાવાની હાલના તબક્કે સંભાવના છે. સાથે જ વાવાઝોડાંના કારણે ગુજરાતમાં ૩૦થી ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.

# વિલંબ થાય તો પણ વેક્સિન માટે ફરી શિડ્યુલ નહીં કરવું પડે

**પહેલા ડોઝ પછી છ અઠવાડિયાની જગ્યાએ ૮થી ૧૦ અઠવાડિયા થઈ જાય તો પણ બીજો ડોઝ સફળ રહે છે**

નવી દિલ્હી, તા. ૧૨

જો કોઈ કારણે કોરોનાની રસીનો બીજો ડોઝ નિશ્ચિત સમય પર ના લઈ શકાય તો બીજો ડોઝ પહેલો ડોઝ જ માનવામાં આવશે? એટલે શું કોરોનાથી સુરક્ષિત રહેવા માટે ત્રણ ડોઝ લેવા પડશે? વેક્સીનને લઈને ઘણાં લોકોના મગજમાં અલગ-અલગ સવાલો થઈ રહ્યા છે. જોકે, કોઈ કારણોસર બીજો ડોઝ સમયસર ના લઈ શક્યા હોય તો તેમને એક્સપર્ટ શિડ્યુલમાં કોઈ ફેરફાર નહીં કરવાની સલાહ આપી રહ્યા છે. એ વાતનું ધ્યાન રહે કે હાલ કોરોનાની પહેલી ડોઝ લીધાના ૪થી ૬ અઠવાડિયા પછી બીજો ડોઝ લેવા અંગે જણાવવામાં આવી રહ્યું છે.

દેશમાં હાલ કોવિશીલ્ડ અને કોવેક્સીન જ લગાવવામાં આવી રહી છે, અને નિયમ પ્રમાણે જે રસીનો પહેલો ડોઝ લીધો હોય તેનો જ બીજો ડોઝ લેવો જોઈએ. એક્સપર્ટનું માનવું છે કે જો તમે આ બેમાંથી કોઈ વેક્સીન લીધી હોય તો તેના ૪થી ૬ અઠવાડિયા કરતા વધારે સમય પસાર થઈ ગયો હોય પરંતુ બીજો ડોઝ કોઈ કારણોસર ના લઈ શક્યા હોય તો એવું ના વિચારશો કે પહેલો ડોઝ નકામો ગયો છે. એક્સપર્ટનું કહેવું છે કે બીજો ડોઝ લેવામાં મોડું થાય એનો મતલબ એ નથી કે હવે વેક્સીન માટે ફરી શિડ્યુલ કરવું પડશે. તેઓ કહે છે કે વેક્સીન લીધાના ૬ અઠવાડિયા પછી બીજો ડોઝ ના લઈ શકો તો તો પણ તમારે એક જ વાર રસી લેવાની છે.

રસીકરણ પછી વિપરિત પરિસ્થિતિ સર્જાય તો તેના પર નજર રાખવા માટેની રાષ્ટ્રીય સમિતિના સભ્ય ડૉ. એનકે અરોરા કહે છે કે જો બીજો ડોઝ લેવામાં મોડું થાય તો ચિંતાની કોઈ વાત નથી.

## ઈઝરાયલ પર હમાસનો સૌથી મોટો હુમલો : ભારતીય મહિલાનું મૃત્યુ

જેરુસલેમ,તા.૧૨

જેરૂસલેમ ખાતે આવેલી અલ-અક્સા મસ્જિદમાં સોમવારે પેલેસ્ટાઈનીઓ અને ઈઝરાયલી સુરક્ષા દળો વચ્ચે થયેલી અથડામણે હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું છે. તે ઘટના બાદ ફરી એક વખત પેલેસ્ટાઈન અને ઈઝરાયલ વચ્ચે આર-પારનો જંગ વર્તાઈ રહ્યો છે. બંને તરફથી રોકેટનો મારો ચલાવવામાં આવી રહ્યો છે અને અનેક લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. તાજેતરના અહેવાલ પ્રમાણે હમાસના રોકેટ હુમલામાં એક ભારતીય મહિલાએ પોતાનો જીવ ગુમાવ્યો છે. તે મહિલાનું નામ સૌમ્યા સંતોષ હતું અને તે છેલ્લા ૭ વર્ષથી ઈઝરાયલમાં વસી રહ્યા હતા.

# મહારાષ્ટ્ર સરકાર મ્યુકરમાઈકોસિસના દર્દીઓની વિનામૂલ્યે સારવાર કરશે

મુંબઈ,તા.૧૨

ગુજરાત સહિતના સંખ્યાબંધ રાજ્યોમાં કોરોનામાંથી રિકવર થયેલા દર્દીઓ મ્યુકરમાઈકોસિસ નામના ઘાતકી રોગનો શિકાર બની રહ્યા છે. આ રોગની સારવાર ઘણી લાંબી અને દવાઓ ઘણી મોંઘી હોવાથી દર્દીઓ અને તેમના પરિવારજનો માટે પડતા પર પાટુ જેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં મહારાષ્ટ્રની સરકારે એક આવકાર્ય પહેલ કરી છે.

મહારાષ્ટ્રના આરોગ્યમંત્રી રાજેશ ટોપેએ મંગળવારે જણાવ્યું હતું કે, મ્યુકરમાઈકોસિસ રોગનો ભોગ બની રહેલા દર્દીઓની રાજ્યની આરોગ્ય વીમા યોજના અંતર્ગત વિનામૂલ્યે સારવાર કરાશે અને સરકાર મોંઘીદાટ એન્ટિફંગલ દવાઓની કિંમતો પર લગામ કસશે. મહાત્મા ફૂલે જન આરોગ્ય યોજના અંતર્ગત રાજ્યની ૧૦૦૦ હોસ્પિટલો સામેલ છે. આ હોસ્પિટલોમાં બ્લેક ફંગસના દર્દીઓને વિનામૂલ્યે સારવાર અપાશે.









## શ્રદ્ધાંજલિ



**પ્રભુદાસ પરષોતમ જેઠવા**

સ્વ. તા. ૧૦/૫/૨૦૨૧ (સોમવાર)

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્દગતનું બેસણું કે લૌકિકક્રિયા રાખેલ નથી.

नैनं छिन्दंन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ।।

તમારું જીવન અમારી પ્રેરણા હતું
તમારા આદર્શો અમારા માર્ગદર્શન હતા
અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો,
દયાળુ સ્વભાવને ક્યારેય ભૂલીશું નહીં.
ભગવાન તમારા આત્માને શાંતિ આપે
એજ અમારી પ્રભુને પ્રાર્થના...

સુમનબેન પ્રભુદાસ જેઠવા

| | |
|---|---|
| નિમીષા હિમાંશુ ઝાલા | હિમાંશુ ઝાલા |
| ડો. રાજેશ્રી કૌશિક ગોહિલ | કૌશીક ગોહિલ |
| ડો. શિલ્પા મહેન્દ્ર નારવારીયા | ડો. મહેન્દ્ર નારવારીયા |
| રેના પંકેશકુમાર ગોહેલ | પંકેશકુમાર ગોહેલ |